આંતર જિલ્લા/ખાતા ફેરબદલીના કિસ્સામાં
ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવાની નીતિ અંગે.

નાણા વિભાગ
ઠરાવ ક્રમાંકઃપગર-૧૦૨૦૧૦-૭૯૦૬૨૭-મ
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૩/૫/૨૦૧૩

**ઠ રા વ**

વંચાણે લીધાઃ-

૧. નાણા વિભાગના ઠરાવ ક્રમાંકઃએઓપી/૧૦૯૧/૩/મ, તા.૫/૭/૧૯૯૧
૨. નાણા વિભાગના ઠરાવ ક્રમાંકઃપગર/૧૧૯૪/૪૪/મ, તા.૧૬/૮/૧૯૯૪.
૩. નાણા વિભાગના ઠરાવ ક્રમાંકઃપગર/૧૦૯૮/૪૧/મ, તા.૧૪/૮/૧૯૯૮.
૪. નાણા વિભાગના ઠરાવ ક્રમાંકઃપગર/૧૦૨૦૦૭/૬૧૫/મ, તા.૨/૭/૨૦૦૭.
૫. સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંકઃએસએનઆર/૧૦૨૦૦૪/યુઓ/૨૦૧૪/ગ.ર. તા.૧૫/૭/૨૦૦૪.
૬. સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંકઃએસએનઆર/૧૦૨૦૦૪/યુઓ/૨૦૧૪/ગ.ર. તા.૧૨/૮/૨૦૧૦.

આમુખઃ-

મૂળભૂત નીતિ તરીકે પ્રવરતાવાળી સેવા જ ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવા માટે ધ્યાનમાં લેવાની સ્પષ્ટ જોગવાઈ હોવા છતાં બે અલગ અલગ જિલ્લા/ખાતાની સેવા સળંગ ગણીને ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવા અંગેના કેસોમાં વંચાણમાં લીધેલ ક્ર.૫, ઉપરના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૫.૭.૨૦૦૪ના ઠરાવથી, કર્મચારીની મૂળ જિલ્લા/ખાતામાં બદલી કર્યા પછી જ ઉચ્ચતર પગાર ધોરણનો લાભ આપવો તેવી નીતિ નક્કી કરવામાં આવેલ હતી. ત્યારબાદ, સામાન્ય વહીવટ વિભાગે વંચાણમાં લીધેલ ક્ર.૬ ઉપરના તા.૧૨.૮.૨૦૧૦ના ઠરાવથી તા.૧૫.૭.૨૦૦૪નો ઠરાવ રદ કરેલ છે.

સામાન્ય વહીવટ વિભાગનો તા.૧૫.૭.૨૦૦૪નો ઠરાવ રદ થયેલ હોઇ, ઉચ્ચતર પગાર ધોરણ યોજનામાં પણ આનુષાંગિક ફેરફાર કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. સરકારશ્રી દ્વારા પુખ્ત વિચારણાને અંતે આંતર જિલ્લા/ખાતા ફેરબદલીના કિસ્સામાં ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવા અંગે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

ઠરાવઃ-

આંતરિક જિલ્લા/ખાતામાં ફેરબદલી કરવામાં આવતાં તેવા કર્મચારીઓ જે જિલ્લા/ખાતામાં નિમણૂંક પામે છે ત્યાં તેઓની પ્રવરતા જે તે કેડરમાં અંતિમ સ્થાને નકકી કરવામાં આવે છે. જયારે કોઇપણ કર્મચારીની બદલી એક જિલ્લા/ખાતામાંથી બીજા જિલ્લા/ખાતામાં કોઇપણ કારણોસર એટલે કે વહીવટી/સ્વવિનંતીથી/અરસ-પરસ માંગણીથી થયેલ હોય અને જિલ્લા/ખાતા ફેરબદલી થતાં જો તેમનું પગાર ધોરણ અને સંવર્ગ બદલાતા ન હોય અને સેવામાં કોઇપણ પ્રકારની તુટ ન હોય તો આવી અગાઉના જિલ્લા/ખાતાની સેવા ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવા માટે ગણતરીમાં લેવામાં આવશે.

પરંતુ આમ થવાના કારણે એવું બને કે ફેરબદલીવાળા જિલ્લામાં/ખાતામાં આવા કર્મચારીની પ્રવરતા નીચે જાય પરિણામે બીજા જિલ્લા/ખાતામાં કામ કરતાં અન્ય પ્રવર કર્મચારીઓ કરતાં બદલીવાળા કર્મચારીનો પગાર વધુ થાય, પરંતુ નિયમોની જોગવાઇમાં છૂટછાટ મુકીને ખાસ કિસ્સા (SPECIAL RELAXATIONS) તરીકે આવા બદલીવાળા કર્મચારીને લાભ આપવાનું સરકારે સ્વીકારેલ હોઇ તે માટે અન્ય પ્રવર કર્મચારીના પગારમાં સ્ટેપીંગ અપ (STEPPING UP) માંગી શકશે નહીં.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એચ.ડી.પટેલર)
નાયબ સચિવ
નાણા વિભાગ

પ્રતિ,

- માનનીય રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માનનીય મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી.
- માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
- 0- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
- 0- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
- 0- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર
- 0- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ
- 0- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર
- 0- સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- સચિવાલયના સર્વે વિભાગો
  ( ખાતાના વડાઓ/કચેરીના વડાઓ ને પરિપત્રિત કરવાની વિનંતી સાથે )
- એકાઉન્ટન્ટ જનરલ-૧ (ઓડીટ), ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ
- એકાઉન્ટન્ટ જનરલ-૨ (એ. એન્ડ ઈ.), ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ
- હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર
- નિરીક્ષકશ્રી, સ્થાનિક હિસાબ ભંડોળ, હિસાબની કચેરી, ગાંધીનગર
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ/ગાંધીનગર
- સર્વે જિલ્લા સહાયક નિરીક્ષકશ્રીઓ,
- નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
- નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/શાખાઓ
- સર્વ માન્ય કર્મચારી મંડળો,
- સીસ્ટમ મેનેજર, નાણા વિભાગ વેબસાઇટ ઉપર મૂકવા સારુ.
- સીલેકટ ફાઈલ- મ શાખા

--------------------